# બિટકોઈન હેરાફેરીમાં ૪૪ કરોડનું ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન : ૧૯ કરોડની મિલકત જપ્ત

## ઈડીએ અપહરણ બાદ બિટકોઈનની હેરાફેરી કયા રૂટથી કરવામાં આવી હતી તે અંગેના સ્પષ્ટ પુરાવા એકત્ર કરી કરોડોની મિલકતો ટાંચમાં લીધી

અમદાવાદ,

ગુજરાતના બહુચર્ચિત અપહરણ અને બિટકોઈન હેરાફેરી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને મોટી સફળતા મળી છે. ઈડીએ મુખ્ય આરોપી શૈલેષ ભટ્ટના ભત્રીજા નિકુંજ ભટ્ટ તેમજ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાના સંબંધી સંજય કનુભાઈ કોટડિયાના રિમાન્ડ દરમિયાન મહત્ત્વના અને ચોંકાવનારા પુરાવા એકત્ર કર્યા છે. ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તપાસ કરતાં તા. ૯-૧-૨૦૨૬ના રોજ પાંચ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં અનેક ડિજિટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપકરણોની



ફોરેન્સિક તપાસ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડમાં કરાયેલા રોકાણ સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા છે. ઉપરાંત ક્રિપ્ટો કરન્સી અને ભારતીય ચલણ રૂપે કુલ રૂ. ૧૯ કરોડની મિલકત જપ્ત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ CID ક્રાઈમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન એકપણ બિટકોઈન કબજે કરી શકાયું નહોતું. જ્યારે ઈડીએ અપહરણ બાદ બિટકોઈનની હેરાફેરી કયા રૂટથી કરવામાં આવી હતી તે અંગેના સ્પષ્ટ પુરાવા એકત્ર કરી કરોડોની મિલકતો ટાંચમાં લીધી છે.

સુરતમાં ૨૨૫૪ બિટકોઈન, ૧૧ હજાર લાઈટ કોઈન અને ૧૪.૫૦ કરોડ રોકડા અપહરણ કરીને પડાવી લેવાના મામલે સીઆઈડી ક્રાઈમ, સુરતમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે ઈડીએ પીએમએલએ હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી.

# ગુજરાતમાં રૂ. ૧૨,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદી

## અતિવૃષ્ટિ બાદ રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી મગફળી, અડદ અને સોયાબીન ખરીદી આર્થિક ટેકો આપ્યો

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં એક ઐતિહાસિક નિર્ણય લેતા ખરીફ સીઝનના પાકોની અંદાજે ૧૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. આ નિર્ણયને ખેડૂતો માટે અત્યંત લાભદાયી ગણાવતા પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલા ભારે નુકસાન સામે સરકારનો આ નિર્ણય આશીર્વાદરૂપ સાબિત થયો છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આપેલી માહિતી મુજબ, અત્યાર સુધીમાં ૬,૩૩,૧૪૯ લાભાર્થી ખેડૂતોને ૯,૯૦૭.૮૬ કરોડ રૂપિયાની ચૂકવણી સફળતાપૂર્વક કરી દેવામાં આવી છે. આ વર્ષે મગફળી, અડદ અને સોયાબીન જેવા મહત્વના ખરીફ પાકો માટે ૨૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૧૦.૧૧ લાખ જેટલા ખેડૂતોએ નોંધણી કરાવી હતી. ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલી આ કામગીરીથી ગ્રામીણ અર્થતંત્રને મોટો વેગ મળશે.

ચાલુ વર્ષે મગફળીના પાકમાં ગત વર્ષની સરખામણીએ વધુ ખેડૂતોએ રસ દાખવ્યો છે. કુલ ૯.૩૧ લાખ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારે ગુજરાત માટે ૨૦.૧૦ લાખ મેટ્રિક ટન મગફળી ખરીદવાની મંજૂરી આપી છે. હિરેન હિરપરાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ચાલુ ખરીફ સીઝનમાં કુલ ખરીદીનું મૂલ્ય ૧૫,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે, જે ખેડૂતોની આવકમાં મોટો ઉછાળો લાવશે.

તુવેર પાકની વાત કરીએ તો, ૨૨ ડિસેમ્બરથી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં e-Samruddhi પોર્ટલ પર ૧,૩૦,૬૪૦ ખેડૂતોની નોંધણી થઈ ચૂકી છે. આ વખતે પ્રથમવાર NAFED ના પોર્ટલ પર આધાર આધારિત 'Thumb Impression' અથવા 'Face Recognition' જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિનામૂલ્યે નોંધણી કરવામાં આવી રહી છે. ભારત સરકારના માર્ગદર્શન મુજબ, તુવેર, અડદ અને મસૂર પાકની ખરીદી રાજ્યના કુલ ઉત્પાદનના ૧૦૦ ટકા સુધી પહોંચવાની શક્યતા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ખેતીને વધુ નફાકારક બનાવવા પ્રયત્નશીલ છે. સરકારના આ પ્રોત્સાહનથી ખેડૂતો નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા છે. અતિવૃષ્ટિ સમયે હેક્ટર દીઠ સહાય અને ત્યારબાદ મોટા પાયે ટેકાના ભાવે ખરીદીના નિર્ણયોએ સાબિત કર્યું છે કે સરકાર ધરતીપુત્રોની પડખે મજબૂતીથી ઊભી છે. આવનારા દિવસોમાં કૃષિ મંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતનો ખેડૂત વધુ સમૃદ્ધ અને આત્મનિર્ભર બનશે તેવો દ્રઢ વિશ્વાસ મીડિયા વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

# MLA ક્વાર્ટ્સમાં સોલારથી દર મહિને ૧૨ હજાર યુનિટ વીજળીનું ઉત્પાદન થશે

ગાંધીનગર

શહેરના સેક્ટર-૧૭માં ધારાસભ્યો માટે બનાવવામાં આવેલા આધુનિક સદસ્ય નિવાસ પરિસરમાં ૨૦૦ કિલોવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી રહી છે. પૂનઃ પ્રાપ્ય ઊર્જાના વપરાશને પ્રોત્સાહન આપવા માટે અને સંકૂલના વીજ ખર્ચમાં બચતના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. સદસ્ય નિવાસ સંકુલમાં સોલાર રૂફટોપથી દર મહિને ૧૨ હજાર યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે.

હાલ આ પ્રોજેક્ટ હેઠળ સોલાર પેનલ્સ લગાવવાની કામગીરી ચાલી રહી છે. જે માર્ચ મહિના સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ સમગ્ર સંકુલ ૨૮,૫૭૬ ચોરસમીટરમાં તૈયાર કરવામાં આવ્યું છે અને ૩૨૫ કરોડના ખર્ચે ધારાસભ્યો માટે આલિશાન ફ્લેટ તૈયાર કરવામાં આવ્યા છે. ધારાસભ્યોને ૩ બેડરૂમ, લિવિંગ, ઓફિસ રૂમ, કિચન અને સર્વન્ટ રૂમ સાથેનો ફ્લેટ ઉપરાંત આધુનિક ફર્નિચરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

ગત નવેમ્બર મહિનામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં વિશાળ ગાર્ડન, ૩૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો મલ્ટીપર્પઝ હોલ, સ્વિમિંગ પૂલ, હાઈ-ટેક જીમ અને ઈન્ડોર સ્પોર્ટ્સ એરિયા પણ છે.

# ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવાઓ ઠપ થવાની શક્યતા

## જિલ્લાની ગ્રામ પંચાયતોના તાલુકા લેવલ એક્ઝિક્યુટીવ ને ફેબ્રુઆરીથી છૂટા કરાશે

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ કાર્યરત તમામ તાલુકા લેવલ એક્ઝિક્યુટીવ (ટીએલઈ) તથા અન્ય કર્મચારીઓને તેમની નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી શરૂ થઈ છે, જેને લઈને કર્મચારીઓના પ્રતિનિધિ મંડળે ગુરુવારે ડીડીઓને પત્ર લખી બરતરફીના આદેશને તરત રદ કરવાની માંગણી કરી છે.

પત્ર મુજબ, કુલ ૭૦ કર્મચારીઓને ૧ ફેબ્રુઆરીથી ફરજમાંથી મુક્ત કરવા જણાવવામાં આવ્યું છે. આમાં રાજય અને જિલ્લા સ્તરના એક્ઝિક્યુટિવ, આધાર કોઓર્ડિનેટર, સહાયક, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર અને મેનેજરોનો સમાવેશ થાય છે. કર્મચારીઓએ જણાવ્યું છે કે અચાનક લેવાયેલો આ નિર્ણય તેમની રોજગાર સુરક્ષા માટે ગંભીર ચિંતા ઊભી કરે છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે વિકાસ કમિશનરે આ માટેની એજન્સી આર્મી ઈન્ફોટેકને પત્ર લખી માનવ સંસાધનનો ઉપયોગ સીમિત કરવા સૂચના આપી છે. આ સૂચના બાદ કંપનીએ ગાંધીનગર જિલ્લામાં કામ કરતા કર્મચારીઓને ફરજમાંથી દૂર



કરવાની પ્રક્રિયા શરૂ કરી હોવાનું જણાવાયું છે.

કર્મચારીઓએ જણાવ્યું છે કે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના ગામડાંમાં ડિજિટલ સેવાઓ પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. અનુભવી કર્મચારીઓને દૂર કરવાથી ગ્રામ પંચાયતોમાં નાગરિકોને મળતી સેવાઓ પર ખરાબ અસર પડશે. કર્મચારીઓએ જિલ્લા તંત્રને અપીલ કરી છે કે નિર્ણયની ફરી સમીક્ષા કરી ન્યાય આપવો જોઈએ. હાલ સમગ્ર મામલો જિલ્લા તંત્રના જવાબની રાહ જોઈ રહ્યો છે. જો સત્વરે નિર્ણય નહીં લેવાય તો આ કર્મચારીઓને રોજગારી ગુમાવવી પડે તેવી સ્થિતિ સર્જાશે. આ કર્મચારીઓ મારફતે જ ગ્રામ્ય વિસ્તારના લોકો અને ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળતો હોય છે. તેમને છૂટા કરવાથી તે કામગીરીમાં પણ અવરોધ ઉભો થશે.

# સ્પેસ ટેક્નોલોજીમાં નવો યુગ સાણંદમાં દેશની પ્રથમ પ્રાઈવેટ સેટેલાઈટ ફેક્ટરી બનશ

નવી દિલ્હી,

ઓટોમોબાઈલ અને ફાર્મા હબ તરીકે જાણીતું સાણંદ હવે સ્પેસ ટેકનોલોજીનું કેન્દ્ર બનશે. અહીંના ખોરજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અઝિસ્ટા સ્પેસ દ્વારા ?૫૦૦ કરોડના રોકાણ સાથે દેશની પ્રથમ પ્રાઈવેટ 'ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ પેલોડ ફેક્ટરી'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જ્યાં સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીથી સેટેલાઈટનું નિર્માણ કરવામાં આવશે.


ઓટોમોબાઈલ અને ફાર્મા હબ તરીકે પ્રખ્યાત સાણંદના ખોરજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અઝિસ્ટા સ્પેસની અત્યાધુનિક 'ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ પેલોડ ફેક્ટરી'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ દેશનો પ્રથમ ઈન્ટિગ્રેટેડ પ્રાઈવેટ સેટેલાઈટ પ્લાન્ટ બનશે, જ્યાં સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીના ઉપયોગથી સેટેલાઈટનું નિર્માણ કરવામાં આવશે.

આ ફેક્ટરીમાં સેટેલાઈટના ડિઝાઈનિંગથી લઈને તેના ફાઈનલ ટેસ્ટિંગ સુધીની તમામ પ્રક્રિયાઓ એક જ છત નીચે સંપન્ન કરવામાં આવશે, જે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક સજ્જતામાં પાયાનું યોગદાન આપશે. સાણંદની પસંદગી અંગે અઝિસ્ટા સ્પેસના એમ.ડી. શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે, 'અમદાવાદ એ સેટેલાઈટના હૃદય સમાન ગણાતા પેલોડનું મુખ્ય કેન્દ્ર હોવાથી અમે આ વિસ્તારની પસંદગી કરી છે.

# ગુજરાતી તખ્તા તથા ટેલિવિઝનના પ્રખ્યાત અભિનેતા રાજુ બારોટનું ૭૫ વર્ષની વયે નિધન

અમદાવાદ

રંગભૂમિને વફાદાર રંગકર્મીના અવસાનથી સમગ્ર કલાજગતમાં શોકનો માહોલ સર્જાયો છે. ઉત્તમ કલાકાર અને ઉમદા માનવી એવા રંગકર્મી રાજુ બારોટ હવે આપણી વચ્ચે નથી રહ્યાં, તેમણે આ દુનિયાને અલવિદા કહીં દીધું છે. ગુજરાતી તખ્તા તથા ટેલિવિઝન ના પ્રખ્યાત અભિનેતા, દિગ્દર્શક, ગાયક, સ્વરકાર અને એટલા જ ઉમદા વ્યક્તિત્વ રાજુ બારોટનું ૭૬ વર્ષની વયે હાર્ટ એટેકથી નિધન થયું છે. તેઓ ઉત્તરાખંડના પ્રવાસ પર હતા ત્યારે હૃદયરોગના હુમલાથી નિધન થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.



રાજુ બારોટના પાર્થિવ દેહને આવતીકાલે સાંજે અમદાવાદ લાવવામાં આવે તેવી શક્યતાઓ છે. રંગકર્મી રાજુ બારોટે નાટક અને સાથી તજજ્ઞ તરીકે કરેલી રંગભૂમિની વિલક્ષણ ચર્ચા હંમેશા યાદ રહેવાની છે. દાયકાઓ સુધી રંગમંચને જીવંત રાખનાર આ દિગ્ગજ કલાકારના જવાથી ગુજરાતી નાટ્ય જગતે એક અનમોલ રત્ન ગુમાવી દીધું છે. જેથી રંગકર્મીઓમાં પણ શોકની લહેર ફરી વળી છે.

રાજુ બારોટે વર્ષ ૧૯૭૭માં ભારતની પ્રતિષ્ઠિત નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાંથી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસ બાદ તેઓ NSD રિપર્ટરી કંપનીના સભ્ય પણ રહ્યા હતા. રાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ કારકિર્દીની તકો હોવા છતાં તેમણે પોતાની માતૃભૂમિ ગુજરાત પરત ફરવાનું પસંદ કર્યું હતું. રાજુ બારોટે પોતાનું આખું જીવન ગુજરાતી રંગભૂમિના ઉત્થાન માટે સમર્પિત કરી દીધું છે. તેમની આ સમર્પણને પણ ગુજરાતી રંગભૂમિ હંમેશા યાદ રાખશે.

# ધોળકાના કૌકા ગામે લગ્ન પ્રસંગમાં મીઠાઈ ખાધા બાદ ફૂડ પોઈઝનિંગથી ૫૦થી વધુ લોકોની તબિયત બગડી

અમદાવાદ

જિલ્લાના ધોળકા તાલુકાના કૌકા ગામથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગત રાત્રિએ અહીં એક લગ્ન પ્રસંગમાં ભોજન લીધા બાદ મોટા પાયે ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. વ્હોરા મુસ્લિમ સમાજના એક લગ્ન પ્રસંગમાં પીરસાયેલી મીઠાઈ ખાવાથી અચાનક લોકોની તબિયત લથડતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ છે.

કૌકા ગામે આયોજિત લગ્ન પ્રસંગમાં પરંપરાગત 'સામસામે મીઠાની રસમ' હતી. ગ્રામજનોમાં ચર્ચા છે કે આ મીઠાઈ ખાધા બાદ જ લોકોને ઉલ્ટી અને ઉબકા આવવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં બીમાર લોકોનો આંકડો ૫૦ને પાર કરી ગયો હતો. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે તાત્કાલિક ધોળકા અને વટામણ સહિતના વિસ્તારોમાંથી ૫ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે બોલાવવી પડી હતી.દર્દીઓની સંખ્યા વધારે હોવાથી ગામની નૂર હાઈસ્કૂલ ખાતે જ તમામ લોકોને ખસેડવામાં આવ્યા હતા



અને ત્યાં જ કામચલાઉ હોસ્પિટલ જેવું વાતાવરણ ઉભું કરી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. ?આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ ગઈ હતી.જે પૈકી ૫ લોકોની હાલત વધુ નાજુક જણાતા તેમને તાત્કાલિક ધોળકાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ આરોગ્ય વિભાગની ટીમ કાફલા સાથે કૌકા ગામે પહોંચી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ખાણી-પીણીના નમૂના લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલમાં તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સિંગતેલના ભાવમાં એક જ દિવસમાં ૪૦ રુપિયાનો ધરખમ વધારો, એક મહિનામાં ૨૦૦ રુપિયા વધ્યા

અમદાવાદ,

સિંગતેલમાં એક જ દિવસમાં ૪૦ રૂપિયાનો ધરખમ વધારો નોંધાયો છે. આ સાથે એક મહિનામાં સિંગતેલના ડબ્બામાં રૂપિયા ૨૦૦નો વધારો થયો છે. ત્યારે આ ભાવ વધારાને લઈને સૌરાષ્ટ્ર ઓઈલ મીલ એસો.ના પ્રમુખનું નિવેદન આપ્યું છે. મળતી માહિતી મુજબ "માવઠાના કારણે મગફળીના પાકને નુકસાન થયું છે જેના લીધે મગફળીના તેલના ભાવમાં વધારો નોંધાયો છે. સરકાર દ્વારા પણ ૧૭ લાખ ટન મગફળીની ખરીદી કરી હતી, જે બાદ "પિલાણ લાયક મગફળીનો જથ્થો ઓછો હોવાના કારણે તેલના ભાવમાં વધારો થયો છે.એક મહિના પહેલા સિંગતેલના ડબ્બાના ભાવ ૨૫૯૦ હતા જ્યારે હાલમાં સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૭૮૫ થયા છે.

# રાજ્યના ગામડાઓ ઈકોનોમી હબ બનશે ત્યારે જ વિકસિત ભારત વિઝન સાકાર થશે: ગ્રામ વિકાસ મંત્રી

## ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં વિવિધ યોજનાઓની વ્યાપક સમીક્ષા અંગે બેઠક યોજાઈ

ગાંધીનગર,

ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ અંતર્ગત અમલીકૃત યોજનાઓની કામગીરી અંગે વ્યાપક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ(PMAY-G), સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ(SBM-G), મહાત્મા ગાંધી નરેગા(MGNREGA) અંતર્ગત કરવામાં આવતી વિવિધ કામગીરીની વિસ્તૃત માહિતી મેળવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતજ૨૦૪૭ના વિઝન પર ભાર મુકતાં ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ



જણાવ્યું હતું કે, રાજ્યના ગામડાઓ ઈકોનોમી હબ બનશે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. જેથી ગામોને શહેર જેવા વિકસિત બનાવવા "Innovative of life" સુનિશ્ચિત કરવી ખૂબ જરૂરી છે.

તેમણે કહ્યું હતું કે, રાજ્યના તમામ ગામોમાં શહેર જેવી સુવિધાઓ ઉભી કરવી તેમજ ગ્રામ્ય કક્ષાના કામો ઝડપી, ગુણવત્તાયુક્ત અને નક્કર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મંત્રીએ ઉપસ્થિત અધિકારીઓને રાજ્યના છેવાડાના નાગરિકો વિકાસથી વંચિત ન રહે તે માટે સરકારી ભૌતિક તથા નાણાકીય લક્ષ્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સુચારું આયોજન કરવાના નિર્દેશો આપ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિક કમિશનર બી.એમ પ્રજાપતિ સહિત રાજ્યના તમામ જિલ્લાના નિયમકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૬ જાન્યુઆરીએ રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે ૪૩ જવાનોનું સન્માન

## બોર્ડર વિંગ-નાગરિક સુરક્ષા-ગ્રામ રક્ષક દળના જવાનો થશે ગૌરવભેર નવાજિત

ગાંધીનગર

૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના પ્રજાસત્તાક દિન નિમિત્તે હોમગાર્ડ–બોર્ડર વિંગ હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ તેમજ ગ્રામ રક્ષક દળના ૪૩ અધિકારી-સદસ્યોને રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હાથે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

ડાયરેક્ટર જનરલ (સિવિલ ડિફેન્સ) અને હોમગાર્ડ-ગુજરાતના નિયંત્રણ હેઠળ કાર્યરત હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ તથા ગ્રામ રક્ષક દળ દ્વારા આપેલી ઉત્કૃષ્ટ સેવા, પ્રશંસનીય કામગીરી અને વિશિષ્ટ યોગદાન બદલ આ સન્માન આપવામાં આવશે.

આ ચંદ્રક માટે કુલ ૪૩



અધિકારી-સદસ્યોની પસંદગી કરવામાં આવી છે, જેમાં ૨૫ હોમગાર્ડ, ૩ બોર્ડર વિંગ હોમગાર્ડ, ૫ નાગરિક સંરક્ષણ અને ૧૦ ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના અધિકારી-સદસ્યોનો સમાવેશ થાય છે. પ્રજાસત્તાક દિને યોજાનારા કાર્યક્રમમાં આ તમામ જવાનોને રાજ્યસ્તરે ગૌરવભેર સન્માનિત કરવામાં આવશે.